# ‘શુદ્ધ’ પાણીના નામે ‘અશુદ્ધ’ વેપાર?

**ISI** માર્ક અથવા FSSAI વિના જ પાણી વેચાતું હોવાની જાગૃત નાગરિકની ફરિયાદ

**લાઇસન્સ** વગર ચાલતા RO પ્લાન્ટ્સની તપાસ કરવા માંગ

**આરોગ્ય** વિભાગની કામગીરી સામે પણ પ્રશ્નચિહ્ન




નવસારીઃ નવસારી શહેરમાં ગેરકાયદે રીતે સંચાલિત આર.ઓ. વોટર પ્લાન્ટ્સને લઈને ચોંકાવનારા આક્ષેપો સામે આવ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં નિયમોનો ભંગ કરી ધમધમતા આવા પ્લાન્ટ્સ લોકોના આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી રહ્યા હોવાની ફરિયાદ સાથે એક જાગૃત નાગરિકે તંત્રને લેખિત રજૂઆત કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે અનેક આર.ઓ. પ્લાન્ટ્સ પાસે જરૂરી સરકારી મંજૂરી, ISI માર્ક અથવા FSSAI લાયસન્સ નથી છતાં તેઓ ખુલ્લેઆમ પાણીનું વેચાણ કરી રહ્યા છે. શુદ્ધ પાણીના નામે લોકો સુધી પહોંચતું પાણી ખરેખર કેટલું સલામત છે તે અંગે હવે સવાલો ઊભા થયા છે. પાણી શુદ્ધિકરણની પ્રક્રિયા ધોરણ મુજબ ન થતી હોવાના કારણે દૂષિત પાણી સપ્લાય થવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી છે.

ઉનાળાની ઋતુમાં શહેરમાં આર.ઓ. પાણીની માંગ વધી રહી છે ત્યારે આવી બેદરકારી લોકો માટે ખતરનાક સાબિત થઈ શકે છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોમાં પાણીજન્ય રોગચાળો ફેલાવાની શક્યતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રજૂઆત કરનાર મનીષભાઈએ તંત્રને સોંપેલા દસ્તાવેજોમાં કેટલાક શંકાસ્પદ પ્લાન્ટ્સની વિગતો અને સ્થળોની માહિતી પણ સામેલ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે ગેરકાયદે રીતે ચાલતા તમામ આર.ઓ. પ્લાન્ટ્સની તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે, લાઈસન્સ વગર કાર્યરત એકમોને સીલ મારવામાં આવે તેમજ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી દરમિયાન નવસારી ફૂડ વિભાગ દ્વારા શહેરના અનેક આર.ઓ. પ્લાન્ટ્સ પર ચકાસણી હાથ ધરાઈ હતી અને કેટલાક સંચાલકોને નોટિસ પણ આપવામાં આવી હતી. જોકે ત્યારબાદ ફરી કોઈ સઘન તપાસ ન થતા હવે પ્રશ્ન ઊઠી રહ્યો છે કે અગાઉની કાર્યવાહી માત્ર કાગળ પૂરતી જ હતી કે શું?

જલાલપોર અને વિજલપોર વિસ્તારમાં પણ મોટી સંખ્યામાં ગેરકાયદે આર.ઓ. પ્લાન્ટ્સ કાર્યરત હોવાની ચર્ચા વચ્ચે શહેરમાં આરોગ્ય સુરક્ષાને લઈને ચિંતા વધી રહી છે. હવે લોકોની નજર તંત્રની કાર્યવાહી પર ટકેલી છે કે શું “શુદ્ધ પાણી”ના નામે ચાલતા આ ગેરકાયદે ધંધા સામે ખરેખર કડક પગલાં લેવામાં આવશે?

# ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા વિશાળ રેલી નીકળી

**પદયાત્રામાં** વઘઈ, આહવા, સુબીરના નગરજનો જોડાયા



ગિરીશ ભોયે

સાપુતારા, બીલીમોરાઃ ડાંગ જિલ્લાના વઘઈ, આહવા અને સુબીર તાલુકાઓમાં ગૌમાતાને “રાષ્ટ્રમાતા”નો દરજ્જો આપવાની માંગ સાથે આજે ગાય સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત વિશાળ જનઆંદોલન યોજાયું હતું. સંત સમાજ, મહંતો, ગૌરક્ષકો, પશુપાલકો, ગાયપ્રેમીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો આ અભિયાનમાં જોડાયા હતા. વઘઈ સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ગૌવંશની પૂજા-આરતી સાથે પદયાત્રા યોજાઈ હતી. ગાયના વાછરડાને આગળ રાખી મામલતદાર કચેરી સુધી ભવ્ય રેલી કાઢવામાં આવી હતી. ત્યારબાદ માનનીય રાષ્ટ્રપતિને સંબોધીને તાલુકા મામલતદારોને લેખિત આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં ગૌહત્યા, ગાયોની તસ્કરી, રસ્તા અકસ્માતો તથા પોલીથીનના કારણે થતી મૃત્યુ જેવી ગંભીર સમસ્યાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સાથે જ ગૌવંશના રક્ષણ માટે “કેન્દ્રીય ગાય સેવા અને સંરક્ષણ અધિનિયમ” અમલમાં મૂકવા, ગૌહત્યાને બિનજામીનપાત્ર ગુનો જાહેર કરવા, ગાયને “રાષ્ટ્રમાતા” અથવા “રાષ્ટ્ર આરાધ્યા” તરીકે બંધારણીય માન્યતા આપવા, દરેક જિલ્લામાં આદર્શ ગૌશાળાની સ્થાપના કરવાની માંગણીઓ કરવામાં આવી હતી.

## નવસારી-જલાલપોરમાં 10 હજાર સહીઓ સાથે મહાઆવેદન પત્ર સુપરત



નવસારીઃ નવસારી અને જલાલપોર ખાતે “ગૌ સન્માન આહવાન અભિયાન” અંતર્ગત ગૌમાતાને “રાષ્ટ્રમાતા” જાહેર કરવાની માંગ સાથે ભવ્ય પદયાત્રા અને મહા-સહી ઝુંબેશ યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શહેરમાં ગૌભક્તિ અને ધાર્મિક આસ્થાનો માહોલ જોવા મળ્યો હતો. નવસારીના લુન્સીકુઈ મેદાન સ્થિત સર્કિટ હાઉસ ખાતેથી મોટી સંખ્યામાં ગૌભક્તો, સંતો, મહિલાઓ અને યુવાનોની હાજરીમાં વિશાળ પદયાત્રા પ્રસ્થાન કરી હતી. “ગૌમાતા રાષ્ટ્રમાતા”ના જયઘોષ સાથે નીકળેલી યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ કાલિયાવાડી મામલતદાર કચેરીએ પહોંચી હતી. અહીં નવસારી અને જલાલપોર મામલતદારોને દેશના પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ, મુખ્યમંત્રી અને રાજ્યપાલને સંબોધિત કુલ ૮ આવેદન પત્રો સુપરત કરવામાં આવ્યા હતા. નવસારી તાલુકામાંથી ૪,૯૧૪ અને જલાલપોર તાલુકામાંથી ૫,૦૪૯ મળી કુલ ૯,૯૬૩ નાગરિકોની સહીઓ સાથેનું મહા-આવેદન પત્ર તંત્રને આપવામાં આવ્યું હતું.

## ગણદેવી તાલુકામાં પણ ગૌપ્રેમીઓએ રેલી કાઢી

બીલીમોરા, ઘેજઃ બીલીમોરા રાજભોગ સર્કલથી ગણદેવી ચાર રસ્તા સુધી રેલીએ આકર્ષણ જમાવ્યું હતું. જે બાદ ૫૦૦થી વધુ ગૌ પ્રેમી યુવાનો, સાધુ સંતો સૂત્રોચ્ચાર કરતાં મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. ગણદેવી મામલતદાર દીપિકા રોઝને સેંકડો ગૌપ્રેમીઓની સહી સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. આ પ્રસંગે પ્રેમસિંગ ગૌસ્વામી, હિરેન શાહ, રઘુ ભરવાડ, મોહન રાજપુરોહિત, અજય પટેલ, સાઈલાલ કુમાવત સહિત ગૌપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગૌ માતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવા બાબતે ચીખલીના વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા ચીખલી વાણિયાવાડ સ્થિત રામજી મંદિરેથી એક રેલી યોજી ચીખલી મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.


આસીફ શેખ

# ધરમપુરમાં કેરી માર્કેટ શરૂ થતાં જ ટ્રાફિકની સમસ્યા

ધરમપુરઃ ધરમપુરમાં વલસાડની પ્રખ્યાત હાફૂસ કેરી માર્કેટ શરૂ થતાં શહેરમાં ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. આસુરા ચોકડી, ત્રણ દરવાજા વિસ્તારથી લઈને કેરી માર્કિટ સુધી આશરે 2 કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી રહી છે. ચૂંટણી પૂર્ણ થતાં હવે ખેડૂતો મોટી સંખ્યામાં કેરી વેચાણ માટે માર્કેટમાં ઉમટી રહ્યા છે જેના કારણે માર્ગો પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. સમય પહેલાં વરસાદ આવી જાય તેવી ભીતિ વચ્ચે ખેડૂતો ઝડપથી માલ વેચવા ઉતાવળમાં હોવાથી માર્કેટમાં ભારે ભીડ જોવા મળી રહી છે. મોટા ટ્રક પિકઅપ વાહનો અને ટેમ્પોની અવરજવર વધતા મુખ્ય માર્ગો પર વાહન વ્યવહાર ધીમો પડી ગયો છે. ટ્રાફિક જામને કારણે સામાન્ય નાગરિકો વેપારીઓ અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે દર વર્ષે સીઝનમાં આવી સમસ્યા ઊભી થાય છે છતાં તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

# રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટ બંધ થતાં ટ્રેનની ટિકિટ લેવી પડે છે!

**ભીડ** નિયત્રંણના નામે પ્લેટફોર્મ ટિકિટ બંધ કરાતા મુસાફરો, સ્વજનોના માથે આર્થિક બોજ

વલસાડઃ વેકેશનની મોસમ શરૂ થતાં જ રેલવે સ્ટેશનો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ ભીડને નિયંત્રિત કરવાના આશયથી રેલવે તંત્ર દ્વારા પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર કામચલાઉ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, રેલવેના આ નિર્ણયથી ભીડ ઓછી થવાને બદલે સામાન્ય નાગરિકોની હાલાકીમાં ધરખમ વધારો થયો છે.

રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટ ન મળવાને કારણે, જે લોકો પોતાના સ્વજનોને ટ્રેન સુધી મૂકવા જવા માંગે છે, તેમણે મજબૂરીમાં નજીકના સ્ટેશનની પેસેન્જર કે એક્સપ્રેસ ટ્રેનની ટિકિટ ખરીદવી પડી રહી છે. જે પ્લેટફોર્મ ટિકિટ અગાઉ માત્ર રૂપિયા 10માં મળતી હતી, તેના બદલે હવે લોકોએ રૂપિયા 30થી 50 સુધીનો ખર્ચ કરવો પડી રહ્યો છે. આ આર્થિક બોજ મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે માથાના દુખાવા સમાન બન્યો છે. રેલવેના આ આદેશની સૌથી વધુ અસર મહિલાઓ, બીમાર વ્યક્તિઓ અને વરિષ્ઠ નાગરિકો પર પડી છે.

જે વરિષ્ઠ નાગરિકો એકલા મુસાફરી કરી રહ્યા છે, તેમને પ્લેટફોર્મ સુધી મૂકવા જવા માટે પરિવારના સભ્યો પાસે ટિકિટ હોતી નથી. સામાન સાથે ચાલવામાં અક્ષમ એવા આ મુસાફરો માટે કુલીની સેવા લેવી દરેક વખતે આર્થિક રીતે પરવડે તેમ હોતી નથી.

### સ્થાનિક મુસાફરોમાં નિર્ણયને લઈ ભારે રોષ

લોકોનું કહેવું છે કે, ભીડ નિયંત્રિત કરવાના નામે રેલવે તંત્ર લોકો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યું છે. પ્લેટફોર્મ ટિકિટ બંધ કરવાથી ભીડ ઓછી નથી થતી, પણ લોકોના ખિસ્સા પર ભાર વધે છે. મુસાફરોની માંગ છે કે જો ભીડ નિયંત્રિત કરવી હોય તો સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવી જોઈએ, નહીં કે ટિકિટો બંધ કરીને મુશ્કેલી ઊભી કરવી. હાલમાં તો પ્લેટફોર્મ ટિકિટના અભાવે મુસાફરોને વળાવવા આવતા લોકો અને રેલવે તંત્ર વચ્ચે ઘર્ષણના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે.

# કેન્દ્રીય નાણાં મંત્રીએ સેલવાસમાં નમો મેડિકલ કોલેજની મુલાકાત લીધી

**પ્રદેશ** વિકાસની રાહ પર આગળ વધી રહ્યો છેઃ નિર્મલા સિતારમણ



વા પીઃ કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે દાદરા અને નગર હવેલીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યો, આરોગ્ય સેવાઓ, શૈક્ષણિક સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્પોર્ટ્સ એરિનાની મુલાકાત લઈ ત્યાંની આધુનિક સુવિધાઓનું અવલોકન કર્યું હતું અને ખેલાડીઓ તથા પ્રશિક્ષકો સાથે સંવાદ સાધીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ તેમણે NAMO મેડિકલ કોલેજ અને હોસ્પિટલની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે શૈક્ષણિક સુવિધાઓ, પ્રયોગશાળાઓ અને હોસ્પિટલના વિવિધ વિભાગોની કાર્યપ્રણાલીનું નિરીક્ષણ કર્યું હતું તથા વિદ્યાર્થીઓ અને તબીબો સાથે આરોગ્ય સેવાઓને વધુ બહેતર બનાવવા અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત, તેમણે ઝંડા ચોક સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિરની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને શિક્ષણ અને નૈતિક મૂલ્યો વિશે પ્રેરણા આપી હતી. આ પ્રસંગે વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાણામંત્રીએ જણાવ્યું હતું કે પ્રદેશ સતત વિકાસની રાહ પર આગળ વધી રહ્યો છે.

# ધરમપુર તાલુકા પંચાયત પ્રમુખ પદે ત્રણ મહિલા દાવેદાર

**શકુંતલાબેન** ચૌધરી મજબૂત દાવેદાર, પૂનમબેન ચૌધરી અને લીલાબેન ઘાટાડનાં નામ પણ ચર્ચામાં

ધરમપુરઃ ધરમપુર તાલુકા પંચાયત પ્રમુખ પદની ચૂંટણીને લઈને તાલુકાની રાજનીતિમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્રમુખ પદ માટે ત્રણ મહિલા ઉમેદવારો વચ્ચે ટક્કર જામતા રાજકીય માહોલ રસપ્રદ બન્યો છે. તાજેતરની તાલુકા પંચાયત ચૂંટણીમાં શકુંતલાબેન સતિષભાઈ ચૌધરીએ 1832 મતની ભવ્ય લીડ સાથે જીત મેળવી પોતાની દાવેદારી મજબૂત બનાવી છે. PTC, MA અને B.Ed જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત સાથે તેઓ યુવા અને અનુભવી નેતા તરીકે ઊભરી આવ્યા છે. વર્ષ 2017થી 2022 દરમિયાન સરપંચ તરીકે કરેલી કામગીરીના કારણે ગ્રામજનોમાં તેમની સારી છાપ ઊભી થઈ છે. બીજી તરફ પૂનમબેન ચૌધરી સંગઠન શક્તિના આધારે મજબૂત દાવેદાર માનાઈ રહ્યા છે. જ્યારે લીલાબેન ઘાટાડ પોતાના વહીવટી અનુભવના બળ પર રેસમાં સક્રિય જોવા મળી રહ્યા છે. ત્રણેય ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા હોવાથી તાલુકા પંચાયત પ્રમુખ પદની પસંદગી અંગે ભારે ઉત્સુકતા ફેલાઈ છે. ત્રણેય નામોની પેનલ હાઈકમાન્ડ સુધી મોકલાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે અને હવે અંતિમ નિર્ણય પર સૌની નજર ટકી છે.

# વલસાડમાં ગૌભક્તો ઊમટ્યા



વલસાડઃ ગૌ સન્માન આહવાન અભિયાન અંતર્ગત ગુરુવારે વલસાડ ભીડભંજન મહાદેવ ખાતે મોટી સંખ્યામાં ગૌભક્તો, સામાજિક આગેવાનો તેમજ સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગૌ માતાના સંરક્ષણ અને ગૌ સન્માન અંગે જાગૃતિ લાવવા માટે રેલી અને સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત આગેવાનોએ ગૌહત્યા પર કડક પ્રતિબંધ, ગૌશાળાઓને સહાય તેમજ ગૌ સંવર્ધન માટે સરકાર દ્વારા અસરકારક પગલાં ભરવાની માંગ ઉઠાવી હતી. કાર્યક્રમ બાદ રેલી સ્વરૂપે મામલતદાર કચેરી સુધી પહોંચી પ્રતિનિધિમંડળ દ્વારા મામલતદારને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું.

### ગૌ રક્ષણ માટે કડક કાયદાની માંગ

વલસાડ, ઉમરગામઃ ગૌવંશને “રાષ્ટ્રમાતા”નો દરજ્જો આપવા અને ગૌવશ સરક્ષણ અને સંવર્ધન મુદ્દે નાનાપોંઢા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. “ગો સન્માન આહ્વાન અભિયાન” અંતર્ગત સંત સમાજ, ગૌસેવકો અને નાગરિકો દ્વારા રજૂ કરાયેલા આ આવેદનમાં ભારતીય સંવિધાનના અનુચ્છેદ 48 અને 51A(g) અનુસાર દેશી ગૌવંશને “રાષ્ટ્રમાતા” અથવા “રાષ્ટ્ર આરાધ્યા”નો સંવૈધાનિક દરજ્જો આપવાની માંગ ઉઠાવવામાં આવી છે.ઉમરગામમાં રેલી કાઢી ગૌમાતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરવાની માંગ સાથે ગૌરક્ષકો સંતો તથા હિન્દુ આગેવાનોએ સરકારને સંબોધીને ઉમરગામ મામલતદારને એક આવેદનપત્ર પત્ર આપ્યું હતું. માંગણી અંગે કોઈ નિર્ણય લેવામાં ન આવે તો આગામી દિવસોમાં દિલ્હી ખાતે આંદોલન ચલાવીશું એમ આવેદનપત્રમાં જણાવાયું હતું.

# વાપી GIDCની કંપનીમાં રો-મટિરિયલ્સની ચોરી

**700** કિલો લોખંડ, સ્ટીલના સામાનની ચોરી કરી તસ્કરો ફરાર

વાપીઃ વાપી GIDC વિસ્તારમાં આવેલી એક એન્જિનિયરિંગ કંપનીને નિશાન બનાવી તસ્કરો આશરે 700 કિલો ગ્રામ લોખંડ અને સ્ટીલના સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે વાપી ઉદ્યોગ નગર પોલીસમથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ અંગે મિતેશકુમાર કાંતિલાલ પ્રજાપતીએ ફરિયાદ આપી હતી. મિતેશકુમાર વાપી GIDCના પ્લોટ નંબર 1-બી/56, એલ.આઈ.સી. સેક્ટરમાં ‘MECH PRECISION ENGINEERS’ નામની કંપની ધરાવે છે. ગત તારીખ 05/05/2026ના રોજ રાત્રે 09:00 વાગ્યે તેઓ કંપનીને લોક કરી ઘરે ગયા હતા. બીજા દિવસે એટલે કે 06/05/2026ના રોજ સવારે 07:30 વાગ્યે જ્યારે તેઓ તેમના ભાઈ સાથે કંપની પર પહોંચ્યા, ત્યારે કમ્પાઉન્ડમાં રાખેલો સામાન અસ્તવ્યસ્ત હાલતમાં જોવા મળ્યો હતો. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, કંપનીના કમ્પાઉન્ડમાંથી સ્ટીલ પાઈપ, સ્ટીલ પ્લેટ અને સ્ટીલ રાઉન્ડ સહિતનું આશરે 700 કિલો ગ્રામ રો-મટીરીયલ્સ ગાયબ હતું, જેની અંદાજિત કિંમત રૂપિયા 90,000 થાય છે. રાત્રિના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ કંપનીમાં પ્રવેશ કરી આ માલસામાનની ચોરી કરી હોવાનું જણાતા મિતેશકુમારે વાપી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. વાપી જીઆઈડીસી પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મહિલાઓને મફત સિલાઈ મશીનના નામે ફસાવતો સાયબર ઠગ ઝડપાયો

**નવસારી** સાયબર ક્રાઇમની તપાસમાં ખૂલ્યું રાજ્યવ્યાપી છેતરપિંડીનું જાળું



નવસારીઃ નવસારી સાયબર ક્રાઈમ પોલીસે એક એવા શાતિર ઠગને ઝડપી પાડ્યો છે, જે “મફત સિલાઈ મશીન” અને “સરકારી મહિલા સહાય યોજના”ના નામે મહિલાઓને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાની છેતરપિંડી આચરતો હતો. એક સામાન્ય ફરિયાદથી શરૂ થયેલી તપાસ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ફેલાયેલું સાયબર ઠગાઈનું જાળું બહાર આવતા પોલીસ તંત્ર પણ ચોંકી ઊઠ્યું છે.

આરોપી ધીરજ ડાહ્યાભાઈ પ્રજાપતિ (રહે., બોરસદ, જિ. આણંદ), મહિલાઓને ફોન કરીને પોતે સરકાર માન્ય યોજના સાથે જોડાયેલો કર્મચારી હોવાનું જણાવી વિશ્વાસ જીતતો હતો. “આત્મનિર્ભર મહિલા યોજના”, “મફત સિલાઈ મશીન સહાય” અને “ઘરઆધારિત રોજગાર યોજના” જેવા આકર્ષક શબ્દોનો ઉપયોગ કરીને તે મહિલાઓને પોતાની જાળમાં ફસાવતો હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી શરૂઆતમાં “રજિસ્ટ્રેશન ફી”, “ફાઈલ ચાર્જ”, “ડિલિવરી ખર્ચ” અથવા “પરત મળનારી જમા રકમ” જેવા બહાના બતાવી ઓછી રકમ ટ્રાન્સફર કરાવતો હતો. એક મહિલાને સિલાઈ મશીન અપાવવાની લાલચ આપી રૂ.૧.૧૪ લાખની છેતરપિંડી કરાતા નવસારી સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપી સામે અગાઉથી છેતરપિંડીના ૨૦ જેટલા ગુના નોંધાયેલા છે, જેમાંથી ૧૬ ગુના સાયબર ઠગાઈના છે. ઉપરાંત તેના મોબાઈલ નંબર અને બેંક ખાતાઓ સામે સમગ્ર ગુજરાતમાં ૬૬ જેટલી સાયબર ફરિયાદો નોંધાઈ ચૂકી છે. પોલીસનું માનવું છે કે આરોપી લાંબા સમયથી અલગ-અલગ જિલ્લાઓમાં પોતાની ઓળખ બદલી મહિલાઓને નિશાન બનાવતો હતો. સાયબર ક્રાઈમ વિભાગના સૂત્રો મુજબ આરોપી ખાસ કરીને એવી મહિલાઓને ટાર્ગેટ કરતો હતો.

## વાપીમાં ૧૨ વર્ષની દીકરી સાથે દુષ્કર્મમાં પિતાનાં જામીન નામંજૂર

વલસાડઃ વાપીમાં માનવતાને શરમાવે તેવી એક ઘટનામાં પોતાની જ ૧૨ વર્ષની સગી દીકરી સાથે દુષ્કર્મ આચરનાર આરોપી પિતાની રેગ્યુલર જામીન અરજી પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડૉ. એચ. એન. વકીલે નામંજૂર કરી છે. મળતી માહિતી મુજબ આરોપીએ પોતાની પત્ની ઘર બહાર હોય તે દરમિયાન દિવસના સમયે પોતાની સગી દીકરી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ બાદમાં કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જોકે, સરકાર પક્ષ તરફથી ડીજીપી અનિલ ત્રિપાઠીએ ગંભીર ગુનાની પ્રકૃતિ અને સગી બાળકી પર થયેલા અત્યાચારને ધ્યાનમાં રાખી જામીન ન આપવા દલીલો રજૂ કરી હતી. કોર્ટએ સરકાર પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.



# સિલ્ધા ગામના ઉમરપાડા ફળિયાના રસ્તાનું કામ શરૂ

વલસાડઃ કપરાડાના સિલ્ધા ગામના ઉમરપાડા ફળિયાથી ખડકવાળ ગામને જોડતો અંદાજે 1.5 કિલોમીટર લાંબો રસ્તો છેલ્લા દસ વર્ષથી અત્યંત ખરાબ હાલતમાં હોવા અંગે ગુજરાતમિત્રમાં સમાચાર પ્રસિદ્ધ થયા બાદ તંત્ર દ્વારા રસ્તાનું કામ શરૂ કરતા સ્થાનિકોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

ગત એપ્રિલ માસમાં જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ હોય નેતાઓ લકઝરી કારો લઈ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હતા, ત્યારે બીજી તરફ સિલ્ધા ગામના ઉમરપાડા ફળિયાથી ખડકવાળ ગામને જોડતો અંદાજે 1.5 કિલોમીટર લાંબો રસ્તો છેલ્લા દસ વર્ષથી અત્યંત ખરાબ હોવા અંગે કોઈ વાત કરતું ન હતું. અત્યંત મહત્ત્વના આ માર્ગની હાલત એટલી બિસમાર બની ગઈ હતી કે સ્થાનિક લોકોને રોજિંદી અવરજવર માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. સ્થાનિકોની રજૂઆતો બાદ પણ પરિસ્થિતિ યથાવત રહી હતી. આ રસ્તા પરનો ડામર સંપૂર્ણપણે ઉખડી ગયો હતો, મેટલ બહાર આવી જતાં વાહન ચલાવવું જોખમી બની ગયું હતું. ઉપરાત વિશેષ કરીને ઈમરજન્સી પરિસ્થિતિમાં મુશ્કેલી પડી રહી હતી.